# બારામતી બેઠક કોની? અજિત પવારે આડકતરી રીતે ચૂંટણી લડવાની પાડી ના

મુંબઈઃ બારામતી બેઠક એ પવાર કુટુંબનો ગઢ મનાય છે અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં બારામતી બેઠક પરથી કોણ ચૂંટણી લડશે તેના પર બધાની નજર છે ત્યારે અજિત પવાર આ બેઠક પરથી ચૂંટણી ન લડે તેવી શક્યતા છે.

અજિત પવારના સ્થાને તેમના પુત્ર જય પવાર આ બેઠક પરથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. હાલમાં જ અજિત પવારે વિધાનસભાની ચૂંટણી વિશે વાતચીત કરતા જણાવ્યું હતું કે ગઇ સરકાર ૨૦૧૯ની ચૂંટણી બાદ ૨૬ નવેમ્બરના રોજ અસ્તિત્વમાં આવી હતી એટલે આગામી સરકાર ૨૬ નવેમ્બરના રોજ સ્થાપવામાં આવે એવો એક નિયમ છે. ચૂંટણી પંચ ક્યારે ચૂંટણીની જાહેરાત કરશે તેની જાણ નથી. ઘણા લોકો હાલ ભંડોળની માગણી કરી રહ્યા છે. જોકે, હું તે ફાઇલ પર સહી કરું અને તે મંજૂર થાય ત્યાં સુધી આચારસંહિતા લાગુ થઇ જશે.

બારામતી બેઠક વિશે વાત કરતા તેમણે કહ્યું હતું કે બારામતીમાં આપણે સર્વાંગી વિકાસ કર્યો છે. રાજ્યમાં સૌથી વધુ ભંડોળ આપ્યું છે. હું પણ એક માણસ છું. હું ક્યારે વિચાર કરું છું કે આટલાં કામો કર્યા છતાં બારામતીના લોકો જુદો નિર્ણય લઇ શકે છે. મને પણ રાજકારણમાં ૩૩- (જુઓ પાનું ૪) ▶▶

# દગડુશેઠ ગણપતિ પંડાલમાં ૩૫,૦૦૦ મહિલાઓનો 'અથર્વશીર્ષ' મંત્રોચ્ચાર

પુણેઃ મહારાષ્ટ્રના પુણે શહેરના પ્રસિદ્ધ શ્રીમંત દગડુશેઠ ગણપતિ પંડાલમાં રવિવારે સવારે લગભગ ૩૫,૦૦૦ મહિલાઓએ ભગવાન ગણેશને સમર્પિત સંસ્કૃત ગ્રંથ 'અથર્વશીર્ષ'ના મંત્રોચ્ચાર હતા. શનિવારથી ૧૦ દિવસના ગણેશ મહોત્સવનો પ્રારંભ થયો છે. પરંપરાગત પોશાકમાં સજજ મહિલાઓ વહેલી સવારે પંડાલમાં એકઠી થઈ સ્તોત્રનું પઠન કર્યું (જુઓ પાનું ૪) ▶▶

# બહુમાળીય ઈમારત માટે પાંચ સ્પેશિયલ પર્પસ વેહિકલ્સની ખરીદી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં બહુમાળીય ઈમારતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે આગ જેવી કોઈ દુર્ઘટના બને તો તેને પહોંચી વળવા માટે હવે મુંબઈ ફાયરબ્રિગેડ પણ પોતાના કાફલામાં અત્યાધુનિક ઉપકરણોનો સમાવેશ કરી રહી છે, જે અંતર્ગત ૮૦ માળ સુધી પાણીના પંપ સાથે પહોંચી શકે તેવા પાંચ સ્પેશિયલ-પર્પસ વેહિકલ્સને ખરીદવાનો મુંબઈ ફાયરબ્રિગેડે નિર્ણય લીધો છે. આ વાહનોની અંદાજિત કિંમત લગભગ ૧૭.૫૧ કરોડ રૂપિયા છે. હાલ ફાયરબ્રિગેડ પાસે ૨૦૨૨માં ખરીદેલું આવું એક માત્ર વાહન છે.

વધતી વસતીની સાથે ઊંચી ઈમારતોની સંખ્યા વધી રહી છે. મુંબઈમાં મોટા પ્રમાણમાં રિડેવલપમેન્ટના કામ ચાલી રહ્યા છે. તેથી હાઈરાઈઝ બિલ્ડિંગોની વધતી સંખ્યાને જોતા હવે ફાયરબ્રિગેડ પણ પોતાના કાફલામાં તબક્કાવાર અત્યાધુનિક સાધનોનો સમાવેશ કરી રહ્યું છે, જેમાં હવે પાંચ સ્પેશિયલ-પર્પસ વેહિકલ્સનો સમાવેશ થાય છે.

ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બહુમાળીય ઈમારતોમાં આગ લાગે ત્યારે ઝડપથી પંપને જોડીને પાણી પહોંચાડવાનું કામ સમય માગી લેવાની સાથે શારીરિક રીતે થકવી દેનારું હોય છે, જેમાં દરેક પંપનું વજન ૧૨૫ કિલોગ્રામની આસપાસ હોય છે. તેમાં પણ ૧૫૦ મીટરથી ઉપરની જગ્યાએ આગ લાગી હોય ત્યારે આ કામ અત્યંત પડકારજનક બની જતું હોય છે. બે વર્ષ અગાઉ લેવામાં આવેલા સ્પેશિયલ વેહિકલ બહુમાળીય ઈમારતમાં લાગેલી આગ દરમિયાન અસરકારક સાબિત થયું હતું. તેમના પંપ ૨૪૦ મીટર સુધી સતત પાણી પુરવઠો પૂરો પાડી શકે છે. આ વાહનો સાંકડી ગલીની સાથે જ ભીડભાડવાળા વિસ્તારોમાં ઝડપભેર પહોંચીને આગ બુઝાવવા માટે અત્યંત મદદરૂપ સાબિત થયું છે. તેમાં ૧૦,૦૦૦ લિટરથી વધુ ક્ષમતા ધરાવતી પાણીની ટાંકી પણ છે.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ અનેક વખત બહુમાળીય ઈમારતની ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી ન હોવાનું આગની દુર્ઘટના વખતે જણાઈ આવતું હોય છે. આવા કટોકટીના સમયે ફાયરબ્રિગેડ માટે આગ લાગી હોય તે સ્થળે સક્ષમ હાઈ-પ્રેશર પંપ સાથે પહોંચવું મહત્ત્વનું હોય છે. આ સ્પેશિયલ-પર્પસ વેહિકલ્સ ઝૂંપડપટ્ટીના વિસ્તારોમાં આગ સહિતની દુર્ઘટના દરમિયાન પણ વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ તાજેતરમાં આ વાહનો ખરીદવા માટે મંજૂરી આપી હતી. નવા વાહનો આગામી છ મહિનામાં ફાયરબ્રિગેડના કાફલામાં જોડાઈ જાય એવી શક્યતા છે. ■

# કુર્લામાં ૧૫ માળની ઈમારતમાં લાગેલી આગમાં ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લા (પૂર્વ)માં નહેરુ નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૭ માળની ઈમારતમાં ડક્ટ એરિયામાં આગ ફાટી નીકળી હતી, જેને કારણે નીકળેલા ધુમાડાથી ત્રણ રહેવાસીઓને ગૂંગળામણ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કુર્લા (પૂર્વ)માં નેહરુ નગરમાં એસ.જી. બર્વે માર્ગ પર ગ્રાઉન્ડ પ્લસ ૧૮ સવેરા હાઈટ્સ નામની બિલ્ડિંગ આવેલી છે. શનિવારે ગણેશોત્સવને દિવસે બપોરના સમયે બિલ્ડિંગના ચોથાથી ૧૫ મા માળના ઈલેક્ટ્રિક ડક્ટ એરિયામાં રહેલા ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન અને ઈલેક્ટ્રિક વાયરિંગમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ત્રણ ફાયર એન્જિન, એક વૉટર ટેન્કર, બે જેટી સહિતના વાહનો સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ■

# મરાઠા અનામતનો મુદ્દો પહોંચ્યો હાઇ કોર્ટમાંઃ પછાતપણું સ્વયંઘોષિત હોવાની અરજી

મુંબઈઃ મરાઠા અનામતનો મુદ્દો છેલ્લા ઘણા સમયથી મહારાષ્ટ્રમાં ગાજી રહ્યો છે અને હવે આ મુદ્દો હાઇ કોર્ટ સુધી પહોંચ્યો છે. હાઇ કોર્ટમાં મરાઠા અનામત મુદ્દે અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં મરાઠા સમાજનું પછાતપણું સામાજિક નહીં, પરંતુ સ્વયંઘોષિત અને રાજકીય હોવાનું જણાવવામાં આવ્યું છે.

બંધારણના ૧૦૨મા સુધારા મુજબ અનામત આપવાનો અધિકાર રાજ્ય સરકારને નહીં, પરંતુ ફક્ત રાષ્ટ્રપતિને જ હોવાનો દાવો અનામત વિરોધી અરજદાર દ્વારા કરવામાં આવ્યો છે.

૨૦૨૧માં પણ સુપ્રીમ કોર્ટે મરાઠા અનામત રદ કરતી વખતે ઉક્ત વાતોને ધ્યાનમાં રાખી હોવાનું અરજીમાં જણાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ (જુઓ પાનું ૪) ▶▶

# આઠ લાખ મહિલાઓને મળ્યો લાભઃ વડા પ્રધાન માતૃ વંદના યોજના ઠરી લાભદાયક

મુંબઈઃ વડા પ્રધાન માતૃ વંદના યોજના અંતર્ગત ગર્ભવતી-સંતાનને જન્મ આપનારી હોય તેવી મહિલાઓને આરોગ્ય અને સેવા-સુવિધા આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં આઠ લાખ કરતાં વધુ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો હોવાનું હાલમાં બહાર પાડવામાં આવેલા આંકડાઓ પરથી જાણવા મળ્યું છે.

ગર્ભવતી તેમ જ નવજાત બાળકો અને સ્તનપાન કરાવતી માતાઓને યોગ્ય અને પોષક આહાર મળી રહે અને તેમનું આરોગ્ય સ્વસ્થ રહે એ માટે શરૂ કરવામાં આવેલી આ યોજનાનો લાભ ૨૦૨૨થી ૨૦૨૪ ઑગસ્ટ સુધી મહારાષ્ટ્રની ૮,૩૭,૩૯૯ મહિલાઓએ લીધો હતો.

ભારતમાં ગરીબી રેખાની નીચે તેમ જ ગરીબી રેખાની સહેજ ઉપર હોય તેવી અનેક (જુઓ પાનું ૪) ▶▶

# યુપીએસસીની પરીક્ષામાં નાપાસ થયેલા યુવાનની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુપીએસસીની પરીક્ષા પાસ ન કરી શકનારા કચ્છી લોહાણા સમાજના યુવાને હતાશામાં બિલ્ડિંગના આઠમા માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના થાણેમાં બની હતી. પોલીસને મૃતકના ઘરમાંથી સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં તેણે પરિવારના સભ્યોની માફી માગી તેમની ઊંચી અપેક્ષાઓ પૂર્ણ ન કરી શકવાનો ઉલ્લેખ કર્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વર્તક નગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ થાણેમાં જ્યુપિટર હૉસ્પિટલ નજીકની ઈમારત ખાતે બની હતી. મૃતકની ઓળખ દીપ સુરેશ ઠક્કર (૨૮) તરીકે થઈ હતી. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

દીપના મિત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર યુનિયન પબ્લિક સર્વિસ (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ગણપતિ બાપ્પાને ભક્તોએ આપી ભાવભીની વિદાય

## સાંજના છ વાગ્યા સુધીમાં ૬,૯૪૧ મૂર્તિઓનું વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રવિવારે ભક્તોએ પોતાના લાડલા દુંદાળાદેવને ભારે હૃદયે વિદાય આપી હતી. સાંજના છ વાગ્યા સુધીમાં મુંબઈના જુદા જુદા નૈસર્ગિક અને કૃત્રિમ તળાવોમાં ૬,૯૪૧ ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. દસ દિવસના ગણેશોત્સવનો આરંભ શનિવાર થયો છે. મોટી સંખ્યામાં ગણેશભક્તોએ પોતાના ઘરમાં તેમ જ સાર્વજનિક મંડળોમાં ગણપતિ (જુઓ પાનું ૪) ▶▶

# બાન્દ્રાની હૉટેલમાં લાગેલી આગમાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા(પૂર્વ)માં આવેલી કામ્યા હૉટેલમાં એર કંડિશનલમાં બ્લાસ્ટ થયા બાદ લાગેલી આગમાં એકનું મૃત્યુ થયું હતું, તો એક ગંભીર રીતે દાઝી ગયો હતો.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ બાન્દ્રામાં બીકેસીમાં જી બ્લોકમાં ગ્રાઉન્ડ પ્લસ ૨૦ માળની કૉર્પોરેટ બિલ્ડિંગમાં કામ્યા હૉટેલ આવેલી છે. રવિવારે સાંજના ૬.૮૮ વાગે હૉટેલમાં લાગેલા એર કંડિશનમાં અચાનક બ્લાસ્ટ થયો અને આગ ફાટી નીકળી હતી. બીકેસી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ કામ્યા હૉટેલના બીજા માળા પર (જુઓ પાનું ૪) ▶▶

# લાલબાગચા રાજાને અંબાણીએ ભેટ આપ્યો પંદર કરોડનો સોનાનો મુગટ

મુંબઇઃ દેશભરમાં ગણેશોત્સવની ઉજવણી ચાલુ છે અને આ તહેવાર નિમિત્તે સર્વત્ર ઉત્સાહનો માહોલ છે.

ગણેશોત્સવના પ્રથમ દિવસે ગણેશભક્તોએ લાલબાગના રાજાને દિલ ખોલીને દાન અર્પણ કર્યું હતું. આ દાનમાં મોટી માત્રામાં રોકડ, સોના અને ચાંદીના દાગીનાનો સમાવેશ થાય છે.ગણેશ ચતુર્થી પહેલા જ અનંત અંબાણીએ લાલબાગચા રાજાને રૂ. ૧૫ કરોડની કિંમતનો ૨૦ કિલોનો અદ્ભુત સોનાનો મુગટ દાનમાં આપ્યો છે. અનંત અંબાણી, લાલબાગચા રાજા સાથે વર્ષોથી સંકળાયેલા છે. ■

# જાણીતા અભિનેતા વિકાસ સેઠીનું નિધન

મુંબઈઃ ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે આજે દુખદ સમાચાર જાણવા મળ્યા છે, જેમાં જાણીતા અભિનેતા વિકાસ સેઠીનું નિધન થયું છે. 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' ધારાવાહિકથી ઈન્ડસ્ટ્રીમાં આગવી ઓળખ ધરાવનારા વિકાસ સેઠીએ ઈન્ડસ્ટ્રીમાંથી એકાએક અલવિદા લેતા તેના ચાહકોને પણ આઘાત લાગ્યો છે. ■







**'૨૦૩ વર્ષ નોટઆઉટ'ની મોજઃ** મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની અણનમ સફર પર આધારિત ડૉક્યુમેન્ટરીનું વિમોચન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કર્યું હતું. એ અગાઉ સાઈરામ દવે અને મિલન ત્રિવેદી સહિતના પ્રખ્યાત કલાકારોએ ઉપસ્થિત મહેમાનો અને વાચકોનું મનોરંજન કર્યું હતું. (જયપ્રકાશ કેળકર)

# ધારાવી પુનઃવિકાસ પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે મીઠાના અગરની જમીનોનું હસ્તાંતરણ

## આ જમીનો પરવડે તેવા આવાસ માટે BMC DP 2034 અંતર્ગત નિર્ધારિત છે

મુંબઈઃ સોમવારે કેન્દ્રીય કેબિનેટે મુંબઈમાં ૨૫૬ એકર મીઠાના અગરની જમીન રાજ્ય સરકારને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપતા ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને મોટો વેગ મળ્યો છે. આ પગલાંથી પ્રોજેક્ટના અમલીકરણમાં ઝડપ આવશે. મહારાષ્ટ્ર સરકારે નિષ્ક્રિય મીઠાના એકમોની તારવણી કર્યા બાદ આ જમીનો માટે કેન્દ્ર સરકારનો સંપર્ક કર્યો હતો કે જેની લીઝ લાંબા સમયથી સમાપ્ત થઈ ગઈ હતી અને તેનો ઉપયોગ પોસાય તેવા આવાસના નિર્માણ માટે થઈ શકે એમ છે.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ એ રાજ્ય સરકારના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક છે જેમાં પ્રથમ વખત, વર્ગીકરણ મુજબ અપાત્ર ઠરેલા લોકોને પણ ઘર આપવામાં આવશે. રાજ્ય સરકારના સૂત્રોએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર સરકારને 99 વર્ષ માટે લીઝ પર મીઠાના અગરની આ જમીનો સોંપશે.

રાજ્ય સરકારના સૂત્રોએ ધ્યાન દોર્યું કે આ જમીનો બીએમસીના ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) 2034 હેઠળ પરવડે તેવા આવાસ બાંધવા માટે અલગ રાખવામાં આવી છે, જે 2018માં મંજૂર કરવામાં આવી હતી જ્યારે સંયુક્ત શિવસેના BMCનાં સૂત્રો સંભાળી રહી હતી અને ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારમાં તે જુનિયર પાર્ટનર હતી.

મીઠાના અગરની જમીનો પરનું બાંધકામ ચોમાસા દરમિયાન પૂરનું કારણ બનશે અને સ્થળાંતર કરનારા પક્ષીઓના નિવાસસ્થાનનો નાશ કરશે તેવા આક્ષેપો અંગે, ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી)ના અધિકારીએ જણાવ્યું કે સત્યથી વધુ કંઈ હોઈ શકે નહીં.

મીઠાના અગરની જમીનોના ઉપયોગ વિશે સમજાવતા, DRP અધિકારીએ જણાવ્યું કે, આ જમીનો કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં આવતી નથી. આ જમીનો પર છેલ્લા ઘણા સમયથી મીઠું બનાવવાની કોઈ પ્રવૃત્તિ થઈ રહી નથી. ઉપરાંત, આ જમીનનો ભાગ અંધેરી વેસ્ટમાં લોખંડવાલા કોમ્પ્લેક્સથી વિક્રોલી ઈસ્ટ વચ્ચેની લાઇન 6 માટે મેટ્રો કાર શેડ માટે MMRDAને આપવામાં આવ્યો છે અને MMRDA એ જમીન પર પ્રારંભિક કામ પણ શરૂ કરી દીધું છે.

આ ઉપરાંત, વડાલા ખાતે મીઠાના અગરની જમીનો પર કેન્દ્ર સરકારના કસ્ટમ વિભાગે પહેલેથી જ ઓફિસો અને સ્ટાફ ક્વાર્ટર બનાવ્યા છે, એમ તેમણે ઉમેર્યું.

ડીઆરપીના અન્ય એક અધિકારીએ જણાવ્યું કે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે માંગવામાં આવેલી મીઠાના અગરની જમીનનો એક ભાગ હકીકતમાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી (એમવીએ) સરકારે સીપ્ઝ અને કોલાબા વચ્ચે મેટ્રો લાઇન 2 માટે કાર શેડ સ્થાપવા માટે પસંદ કરાયો હતો. કારણ કે મહા વિકાસ અઘાડી સરકાર પર્યાવરણીય ચિંતાઓને કારણે આરે કોલોનીમાંથી કાર શેડ ખસેડવા માંગતી હતી.

સ્રોતે કહ્યું, આ જમીન કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (CRZ) પ્રતિબંધો હેઠળ આવતી નથી, તેથી યાયાવર પક્ષીઓના કુદરતી રહેઠાણને અસર થવાનો કોઈ પ્રશ્ન જ નથી. ■

# બૅનર લગાવતા ગણેશ મંડળના બે કાર્યકરને બીએમડબ્લ્યુ કારે અડફેટે લેતાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડમાં બનેલી હિટ ઍન્ડ રનની ઘટનામાં બીએમડબ્લ્યુ કારે મંડપ નજીક બૅનર લગાવી રહેલા મુલુંડ ચા રાજા તરીકે પ્રસિદ્ધ ગણેશ મંડળના બે કાર્યકરને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ ફરાર આરોપીને પોલીસે નવી મુંબઈથી પકડી પાડ્યો હતો. મુલુંડ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારના મળસકે ૪ વાગ્યાની આસપાસ મુલુંડ પશ્ચિમમાં ગવાણપાડા સ્થિત આકૃતિ ટાવર નજીક બની હતી. બીએમડબ્લ્યુ કારે અડફેટે લેતાં પ્રીતમ થોરાતનું મૃત્યુ થયું હતું, જ્યારે પ્રસાદ પાટીલને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

મળતી માહિતી અનુસાર નમુલુંડ ચા રાજાથ તરીકે પ્રસિદ્ધ ગણપતી મંડળના કાર્યકરો શનિવારના મળસકે રસ્તા પર બૅનર લગાવી રહ્યા હતા. મુલુંડ પૂર્વ તરફ જનારી બીએમડબ્લ્યુ કાર પૂરપાટ વેગે મંડપ નજીક પહોંચી હતી. ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કારે મંડળના કાર્યકર થોરાત અને પાટીલને અડફેટે લીધા હતા.

અકસ્માત બાદ જખમીઓની મદદ કરવાને બદલે આરોપી કાર સાથે ફરાર થઈ ગયો હતો. ઘટનાસ્થળે હાજર લોકો બન્નેને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે થોરાતને મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે મુલુંડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે મુલુંડમાં જ રહેતા શક્તિ અલઘને નવી મુંબઈના ખારઘરથી તાબામાં લેવાયો હતો. ઘટના સમયે બીએમડબ્લ્યુ કાર શક્તિ ચલાવતો હોવાનું તપાસમાં જણાયું હતું. કહેવાય છે કે અગાઉ કૉલ સેન્ટરમાં કામ કરતા શક્તિએ સેકન્ડ હેન્ડ બીએમડબ્લ્યુ કાર ખરીદી હતી. રાતભર શક્તિ તેમના વિસ્તારના ગણેશ મંડપમાં કામ કરતો હતો. મળસકે સર્વિસિંગમાંથી આવેલી કારની ટેસ્ટ ડ્રાઈવ લેવા તે નીકળ્યો હતો.

આરોપીએ દાવો કર્યો હતો કે તે જખમીઓની મદદ કરવા ઇચ્છતો હતો, પરંતુ એકઠા થયેલા લોકો મારપીટ કરશે એવા ડરથી તે ત્યાંથી પસાર થઈ ગયો હતો. ઘર નજીક પહોંચ્યા પછી ઈમારત નીચે કાર પાર્ક કરીને તે બાઈક પર નવી મુંબઈ જતો રહ્યો હતો. ■

# ૧૦ વર્ષ પહેલાં થયેલી યુવાનની હત્યાના કેસમાં ચાર જણનો નિર્દોષ છુટકારો

થાણેઃ આરોપીઓને ગુના સાથે જોડતા પુરાવા અપૂરતા હોવાની નોંધ કરી થાણેની સેશન્સ કોર્ટે યુવાનની હત્યાના ૧૦ વર્ષ અગાઉના કેસમાં ચાર જણને નિર્દોષ જાહેર કર્યા હતા. એડિશનલ સેશન્સ જજ ડી. એસ. દેશમુખે પુરાવાના અભાવે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ અને ૨૦૧ હેઠળ ધરપકડ કરાયેલા ચાર જણને નિર્દોષ છોડવાનો આદેશ આપ્યો હતો. આદેશની નકલ રવિવારે પ્રાપ્ત થઈ હતી. તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે ગણેશ ઉર્ફે ગણ્યા સુખદેવ અભંગ (૨૯)ની હત્યામાં આરોપી ગણેશ ઉર્ફે ગન્યા નિવૃત્તિ રાખપસરે (૫૦), તેનો ભાઈ મંગેશ (૪૨), સુખદેવ ઉર્ફે સંજ્યા વિઠ્ઠલ લોન્ડે (૩૪) અને બાદલ સદાશિવ બોડકે (૩૮) સંડોવાયેલા હતા. દારૂને મુદ્દે થયેલા વિવાદને પગલે ૪ એપ્રિલ, ૨૦૧૪ના રોજ આરોપીઓએ અભંગને ઢોરમાર માર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું. આરોપીઓ મૃતદેહને રિક્ષામાં કલવા રેલવે સ્ટેશને લઈ ગયા હતા. ત્યાં એક બેન્ચ પર મૃતદેહ મૂકી આરોપી ફરાર થઈ ગયા હતા. બચાવ પક્ષના વકીલ સુધાકર પ્રસાદે તપાસમાં રહેલી વિસંગતિઓ પર પ્રકાશ પાડી અપૂરતા પુરાવાની દલીલ કરી હતી. ■

# તલાસરીમાં બેરહેમીથી પીટાઈ કરી વૃદ્ધની હત્યાઃ દંપતી સહિત ત્રણની ધરપકડ

પાલઘરઃ તલાસરીમાં લાંબા સમયથી ચાલતા વિવાદમાં બેરહેમીથી પીટાઈ કરવાને કારણે વૃદ્ધનું મૃત્યુ થતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી દંપતી સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી.

ઘોલવડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શુક્રવારની સાંજે બનેલી ઘટનામાં ગજાનન દાવનેનું મૃત્યુ થયું હતું.

પાલઘર જિલ્લાના તલાસરી પરિસરમાં ઘરને સમાંતર આવેલા માર્ગને મુદ્દે દાવનેના પરિવાર અને આરોપી વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. શુક્રવારની સાંજે ફરી વિવાદ થતાં આરોપીઓએ દાવનેની મારપીટ કરી લાકડાથી ફટકાર્યો હતો. આ હુમલામાં દાવનેની બન્ને આંખ, નાક અને ગુપ્તાંગ પર ગંભીર ઇજા થઈ હતી. પછી દાવનેનો પુત્ર તેમને ઉમરગામની હૉસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં દાવનેને મૃત જાહેર કરાયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ દાવનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પુત્રની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી એ જ પરિસરમાં રહેતા દંપતી સહિત ત્રણની શનિવારે ધરપકડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

# પાલઘરમાં નવા સ્પોર્ટ્સ સ્ટેડિયમ માટે કેન્દ્રએ પાંચ કરોડ ફાળવ્યા

પાલઘરઃ કેન્દ્રીય ખેલકૂદ પ્રધાન ડો.મનસુખ માંડવિયાએ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં નવા સ્પોર્ટ્સ સ્ટેડિયમના નિર્માણ માટે પાંચ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી હોવાની માહિતી ભાજપના સંસદસભ્ય હેમંત સાવરાએ રવિવારે આપી હતી. પાલઘરના લોકસભાના સભ્યએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે મલ્ટી સ્પોર્ટ્સ સ્ટેડિયમ સંકુલ સ્થાપવા અંગે વિચારણા કરી આદિવાસીની બહુમતી ધરાવતા જિલ્લામાં રમતગમતની સુવિધાઓ માટે પૂરતું ભંડોળ પૂરું પાડે એ અંગે તેમણે ગયા મહિને માંડવિયાને એક પત્ર લખીને વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પહેલ જિલ્લા સ્તરે રમતગમતની માળખાગત સુવિધાઓના વિકાસને ટેકો આપતી 'ખેલો ઇન્ડિયા - નેશનલ પ્રોગ્રામ ફોર ડેવલપમેન્ટ ઓફ સ્પોર્ટ્સ' યોજના સાથે સુસંગત છે. કેન્દ્રીય પ્રધાનને લખેલા પત્રમાં સાવરાએ પાલઘરમાં રમતગમતની પૂરતી સુવિધાઓના અભાવ પર પ્રકાશ પાડી મર્યાદિત સંસાધનો હોવા છતાં આ વિસ્તારમાં ઘણા આદિવાસીઓ રમતગમતમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે અને સારું પ્રદર્શન કરી રહ્યા છે એ વાત પર ધ્યાન દોર્યું હતું. ■